www.jigarpublicity.com
Industrial Directory Publisher
Jhgadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
Jigar Publicity
jigarpublicity@gmail.com |+91 9998980519


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 15 ISSUE : 14 DATE: 16- 10 -2023 PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: L1/BCH/126/2021-23


# વાઘોડીયા ખાતે ૧૧૧૫ કરોડના ખર્ચે સ્થપાનાર હિન્ડાલ્કોના પ્લાન્ટની લોક પર્યાવરણ સુનાવણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ ગઈ








તારીખ ૧૦ મી ઓક્ટોબરે વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના વાઘોડિયા જીઆઈડીસી ખાતે હિન્દાલકો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના નવા સ્થપાનાર પ્લાન્ટ માટેની લોક પર્યાવરણ સુનાવણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ ગઈ.

કંપની આ પ્લાન્ટમાં કોપર ટ્યૂબ , કોપર રોડ, કોપર અલોય સળિયા, કોપર વાયર અને કોપર અલોય વાયરનું ઉત્પાદન કરનાર છે. હિન્ડાલ્કોએ મુખ્યત્વે એર કન્ડિશનિંગ અને રેફ્રિજરેશનના ઉદ્યોગ માટે કોપર ટુબનું ઉત્પાદન કરવા માટે નવી ગ્રીન ફિલ્ડ સુવિધા બનાવી છે. પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧૧૧૫ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે. પ્રોજેક્ટ કાર્યરત થતા કુલ ૫૦૦ માણસોને રોજગારી મળવાની સંભાવના છે.

આ લોક પર્યાવણ સુનાવણી લોકોએ મુખ્યત્વે સ્થાનિકોને રોજગારી મળે તે માટે રજુઆત કરી હતી. તેનો કંપનીએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. મોટાભાગે પ્લાન્ટ અહીં સ્થપાય અને સ્થાનિકોને રોજગારી મળે તે બાબતમાં ખુશી વ્યક્ત કરી હતી. સાથે સાથે કંપની પર્યાવરણના નિયમોનું પાલન કરે તેવી સલાહ પણ આપવામાં આવી હતી. લોક પર્યાવરણ સુનાવણીમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહિલાઓની હાજરી પણ મોટા પ્રમાણમાં હતી.

## પાનોલીની કેશવ ઈન્ટરકેમ ઝાડી-ઝાંખરાં સાથે જોખમી કચરો સળગાવતી ઝડપાઈ

અંકલેશ્વરના પાનોલી જીઆઈડીસી ખાતે આવેલ કેશવ ઈન્ટર કેમ કંપની ફરી એક વખત પ્રદૂષણના મામલે જીપીસીબીના હાથે ઝડપાઈ જવા પામી છે. ટેક્કર મારફતે કેમિકલ વેસ્ટના નિકાલ કરતાં કંપની અગાઉ ઝડપાઇ હોવાથી તેને ક્લોઝર નોટિસ આપવામાં આવી હોવાથી તે બંધ હાલતમાં હતી પણ કંપનીમાંથી ધુમાડા નીકળી રહ્યા હોવાથી પેટ્રોલીંગ કરી રહેલી જીપીસીબીના ટીમને શંકા ઉપજી હતી. જેથી તપાસ કરવામાં આવતા કંપની સંચાલક અને કામદારો કંપનીની પાછળના ભાગે ઝાડી ઝાંખરાની સાથે રાસાયણિક કચરો બાળી રહ્યાં હોવાનું સામે આવ્યું હતું. તેઓ રાસાયણિક કચરો બાળી ને જમીનને પ્રદૂષિત કરી રહ્યા હતા. કંપનીના આ કાર્ય બદલ તેને ફરી નોટિસ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેશવ ઈન્ટર કેમ કંપની દ્વારા અગાઉ પણ ટેક્કર મારફતે વેસ્ટ નો નિકાલ કરતા પોલીસના હાથે ઝડપાઈ હતી.

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS &TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate,
Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

Samir Lakhani +91 98985 90548
Rauf Vindhani +91 82001 20336
"We Believe in Pollution Free Environment"
Star Decontamination & Recycling
Authorised by Gujarat Pollution Control Board
One Stop Waste Solution
Deal in: Barrels, Drums, Tank, Containers, Carboys, Liners, Plastic Waste, Hazardous waste, Industrial waste, Spent Solvent, Waste Oils, Used Oils, E- Waste, Wooden Scrap, All Types of Recycled Waste.
Survey No: 606, Vasna Bujarg, Dandi Road, Dholka-Kheda Road, Kheda, Gujarat-387 411,
E-mail: stardecontamination@gmail.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

ECOSYSTEM RESOURCE MANAGEMENT PVT. LTD.
ECO CHEM SALES & SERVICES
ECO GROUP OF COMPANY
Mrs. Rekha Shah (Director)
+91 99279 34111
eco@ecoshripad.com
SERVICES :-
• Environment Audit • Effluent Treatment Chemical
• Environment Counsultancy : EIA / EC / CRZ / Forest Clearance / Permits
• Effluent Treatment Plant & Operation & Maintenance
• Environment Monitoring & Testing Laboratory (MoEf / NABL Approved)
• Turnkey Project - ETP / STP / WTP / RO
Head Office Address
Office Floor, Ashoka Pavilion - A, Opp Kapadiya Health Club, New Civil Char Rasta, Surat, Gujarat - 393001 Mo :- 84605-45050, 88640-69151
Branches Office
VAPI, Mo:- 94262-63805
DAHEJ, Mo :- 81600-92635

Term Loan Purchase of Plant and Machinery
FAS FINCURE ADVISORY SERVICES
VIVEK GANDHI
9327111105
UNSECURED MACHINERY LOAN FROM GOVERMENT BANK
❋ Term Loan Amount:-
Rs. 50 Lacs to Rs. 750 Lacs
❋ Rate of Interest:
8.00% p.a – 8.40% p.a (REPO Linked)
❋ Collateral Security :-
Family Owned Factory: Only 5% Fixed Deposit
Rented Factory: Only 15% Fixed Deposit
No Property required as collateral security
No CGTMSE Charges
❋ 100 % Loan Amount of Machine Quotation

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

SHIVAM INDUSTRIES
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
• Graphite Heat Exchanger
• Graphite Condenser
• Graphite Reboiler
• Graphite Falling Film Absorber
• Graphite Ejector
• Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019), Gujarat, India

Jayendrasinh K Parmar 9427059739
CEng Chartered Engineer
28, 29, 30, Parmeshwar Estate II,
Opp. HDFC Bank, Phase I, GIDC Estate,
Vatva, Ahmedabad- 382445, Gujarat
E-mail: jaypar2000@gmail.com.
SERVICES REGARDING CHARTERED ENGINEER CERTIFICATE FOR CHEMICAL PROJECT
★ PRODUCTION VS PLANT CAPACITY CERTIFICATE
★ ADEQUATE INSTALLED PLANT & MACHINERY CERTIFICATE.
★ EPCG SCHEME FOR DGFT (APPENDIX- 32A) .
★ ADVANCE LICENSE CERTIFICATE (APPENDIX- 32B / 11A).
★ CERTIFICATE REGARDING TECHNICAL MATTER OR ANY OTHER AS PERREQUIREMENT.
★ CERTIFIED THE PROJECT REPORT.

# તંત્રીલેખ

## ગુજરાતમાં નીલગાયની વિનાશક અસર

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ઓરવાળા ગામના ભરતભાઈ પરમાર મકાઈની ખેતી કરે છે. તેમની ફરિયાદ છે કે તેમના વિસ્તારમાં નીલગાયનો ઘણો ઉપદ્રવ છે.તેઓ કહે છે કે, અમે ખેતરની ફરતે ફેન્સિંગ બનાવીએ તો પણ આખી રાત જાગવું તો પડે જ નહીંતર જાનવરો ફેન્સિંગ તોડીને ખેતરમાં આવી જાય છે. મેં ત્રણ-ચાર કૂતરાંય પાળ્યાં છે, જે નીલગાયથી બચાવમાં મદદ કરે છે.નીલગાયની વિનાશક અસર અંગે તેઓ કહે છે, જો આંખ લાગી જાય તો નીલગાય આખેઆખા પાકનો નાશ કરી દે છે. નીલગાયને કારણે ખેડૂતો ત્રાહિમામ્ પોકારી જાય છે.તેમની ફરિયાદ છે કે મગફળીનો પાક તૈયાર થાય એટલે નીલગાય આવીને બીજ ખાઈ જાય છે. એ ખાય થોડું છે પરંતુ મોટા ભાગના પાકનું નુકસાન કરી જાય છે.તેઓ નીલગાયને કારણે થતા નુકસાન અંગે વાત કરતાં કહે છે કે, જો નજરચૂક થઈ જાય તો ખેડૂતને એક વીઘા પર પાંચથી સાત મણ જેટલા પાકનું નુકસાન થાય છે, એટલે કે એક વીઘે આઠથી દસ હજારનું નુકસાન.ખેડૂતોને ખેતીમાં પ્રાણીઓથી રક્ષણ મળી રહે તે માટે સરકારી યોજનાઓ પણ છે જેમાં સરકાર ખેડૂતોને સહાય પૂરી પાડે છે.જોકે જ્યાં જ્યાં નીલગાયની હાજરી મોટા પ્રમાણમાં છે એ દરેક જગ્યાએ ખેડૂતો પોતાની આવી જ દુર્દશા હોવાની ફરિયાદ કરે છે.ગુજરાતમાં સારી એવી સંખ્યામાં નીલગાયની હાજરી ધરાવતા વિસ્તારોમાં ખેડૂતો સતત નીલગાયના 'ઉપદ્રવ'ની ફરિયાદ કરતા જોવા મળે છે. ખેડૂતોની ફરિયાદ અનુસાર ખેતર ફરતે ફેન્સિંગ કર્યા છતાં નીલગાયના કારણે સર્જાતી મુશ્કેલીને પગલે ખેડૂતોએ લગભગ આખો દિવસ ખેતરની રખેવાળી કરવી પડે છે.ખેડૂતોની ફરિયાદ છે કે નીલગાય તેમના ખેતરમાં ઊભા પાકને કચડીને હજારો રૂપિયાનું નુકસાન કરે છે. ખેડૂતો આ 'ઉપદ્રવ'ને ડામવા સરકારને અસરકારક નીતિ બનાવી પગલાં લેવાની અરજ કરતા જોવા મળ્યા હતા.ખેડૂતો નીલગાયને કારણે સર્જાતી મુશ્કેલીનો ઉપાય કરવા માટે સરકારને પ્રાણીઓના ખસીકરણ જેવા પગલાં લેવાની માગ કરે છે. તો બીજી તરફ સરકારી અધિકારી આ કામને 'મુશ્કેલ અને અશક્ય' ગણાવે છે.રાજ્યના કચ્છ, દેવભૂમિ-દ્વારકા, જામનગર, રાજકોટ, મોરબી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા અને વડોદરા અને આણંદ જેવા ૧૭ જિલ્લામાં નીલગાયનો ભય પ્રવર્તે છે.નીલગાય અને તેના કારણે ખેડૂતોને થતા નુકસાનથી સાવ અજાણ હોય એવી વ્યક્તિના મનમાં એ પ્રશ્ન જરૂર થઈ શકે કે - આખરે કોઈ જાનવરને કારણે ખેડૂતોને 'હજારોનું નુકસાન' કેવી રીતે થઈ શકે?ખેડૂત નીલગાયની પાકને નુકસાન પહોંચાડવાની રીતો વિશે વાત કરતાં કહે છે કે, જો નીલગાય ખેતરમાં આવી જાય તો આખા પાકનો નાશ કરીને જાય છે. તે ખેતરમાં આરામ કરે છે, વાવેતરનાં કૂણાં બીજ ખાઈ જાય છે અને આખા ખેતરમાં આળોટે છે. ખેતરમાં તેના ફક્ત હલનચલનથી જ આખા પાકનો નાશ થઈ જાય છે.અહેવાલમાં એવું જણાવ્યું છે કે જ્યાં નીલગાયની સંખ્યા ઓછી છે ત્યાં ઘઉંના પાકને ૨૦-૩૦ ટકા નુકસાન, કઠોળને ૪૦-૫૦ ટકા સુધી અને કપાસને ૨૫-૪૦ ટકા સુધી નુકસાન થાય છે. પણ જ્યાં નીલગાયની સંખ્યા વધુ છે ત્યાં તે પાકને ૬૦ ટકા સુધી પણ નુકસાન કરી શકે છે.જેમ જેમ રાજ્યમાં સિંચાઈમાં સુધારો થાય છે તેમ તેમ પાક વધે છે અને તે પાક ઉપર ઊછરતી પ્રજાતિઓના વિકાસ માટે સારું રહેઠાણ બની જાય છે.પંચમહાલમાં પણ એ જ થયું છે, વનસંવર્ધનના વિશેષ પ્રયાસોને કારણે આ સ્થળ નીલગાય માટે સારું ઉછેરસ્થળ બની ગયું અને તેની સંખ્યામાં વધારો થતો ગયો. નીલગાય બધો પાક ખાઈને નુકસાન નથી કરતી, પરંતુ તે જયારે ખેતરમાં આવે છે ત્યારે પાક પર ફરીને નુકસાન કરે છે. આ ઉપરાંત તે વાવેતરનાં કૂણાં બીજ ખાઈ જાય છે, જેથી આખો પાક નાશ પામે છે.નીલગાયની સંખ્યા સંવર્ધનની પ્રવૃત્તિ, તેના જન્મનો ઊંચો દર અને શિકારીઓનો અભાવના કારણે પૂરઝડપે વધી છે.

સરકાર નીલગાય અને તેનાથી પાકને થતા નુકસાનનો યોગ્ય અંદાજ લગાવી શકતી નથી. અને તેથી સૌથી મોટું નુકસાન એ થાય છે કે ખેડૂતો રાત્રે શાંતિથી સૂઈ પણ શકતા નથી.નીલગાયને કારણે ખેડૂતોએ તોબા પોકારી લીધી છે. આ બધાં જંગલી જાનવરો ફેન્સિંગ તોડીનેય ખેતરમાં પ્રવેશી જાય છે.જો ખેડૂત આખો દિવસ મજૂરી કરે અને રાત્રે પણ એને જાગવું પડે તો આરામ ક્યારે કરે?તેમની માંગણી છે કે સરકારે નીલગાયનું ખસીકરણ કરવું જોઈએ.એક બાજુ અતિવૃષ્ટિના કારણે મગફળી અને બીજા પાકમાં નુકસાન થયું છે અને એમાં નીલગાયના ત્રાસના લીધે ખેડૂત તોબા પોકારી ગયા છે. નીલગાયને ખેતરમાં પ્રવેશતા રોકવાની નવીન રીતો શોધવા માટે કરવામાં આવેલા સંશોધનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જંગલ વિસ્તારના વિનાશને કારણે નીલગાયનાં ટોળાંએ ખેતરો પર હુમલા કરવાનું શરૂ કર્યું છે.સંશોધનો અનુસાર કેટલીક રીતો નીલગાયને ખેતરથી દૂર રાખવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. ખેતરની સીમાએ મનુષ્યનાં મળમૂત્રનો છંટકાવ કરવાથી નીલગાય દૂર રહે છે. એવું જોવા મળ્યું છે કે મનુષ્યનાં મળમૂત્રની અપ્રિય ગંધથી નીલગાય દૂર ભાગે છે.નીલગાયનાં મળમૂત્રનો છંટકાવ કરવાથીય નીલગાય દૂર રહે છે. આનું કારણ એ છે કે નીલગાયનાં મળમૂત્રની દુર્ગંધથી જો નીલગાયનું ટોળું ખેતર તરફ આવી રહ્યું હોય ત્યારે તેમને એવું લાગે છે કે નીલગાયનું અન્ય ટોળું આ બાજુ હશે. તેથી તે એ બાજુ નહીં આવે.નીલગાય એવી વસ્તુઓથી ડરે છે જે ચળકતી હોય અને દૂરથી જ પ્રતિબિંબિત થતી હોય. તેથી ખેડૂતો ખેતરમાં ચારે બાજુ ઑડિયો અને વીડિયો ટેપ બાંધે છે. દિવસના સમયે, સૂર્યપ્રકાશને કારણે ટેપ ચમકે છે અને રાત્રે તે અંધારામાં પ્રતિબિંબિત થાય છે. આ રીત નીલગાયને દૂર રાખવામાં સફળ સાબિત થઈ છે.

## "Reel v/s Real Interaction Significance of Relationship"

# કોર્પોરેટ અફેર્સ ગ્રુપ ગુજરાત દ્વારા AMA ખાતે કાયક્રમ યોજાઈ ગયો



કોર્પોરેટ અફેર્સ ગ્રૂપ - ગુજરાત (CAG) દ્વારા આજના સાંપ્રત સમયમાં જ્યારે ફેસબુક, વોટ્સએપ, ફેસટાઇમ, ઈન્સ્ટાગ્રામ જેવા શોશિયલ મીડિયાના વધારે પડતાં ઉપયોગના કારણે વ્યક્તિ એકબીજાથી પ્રત્યક્ષ રીતે (ફેસ ટુ ફેસ) મળવાનું જ્યારે ઓછું થઈ રહ્યું છે તેવા સમયે આ કાર્યક્રમ દ્વારા સમગ્ર ગુજરાતની અલગ-અલગ ઓર્ગેનાઇઝેશનમાં કોર્પોરેટ અફેર્સ ફિલ્ડમાં જોડાયેલ મેમ્બરોના Interaction નું સુંદર આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી મોટી-મોટી કંપનીઓ તેમજ કોર્પોરેટ અફેર્સ ક્ષેત્ર સાથે જોડાયેલ ૭૦ થી પણ વધુ સભ્યોએ હાજરી આપેલી. આ કાર્યક્રમની શુભ શરૂઆત અંધજન મંડળના બાળકોની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સમગ્ર સંચાલન યુવરાજસિંહ જાડેજા – Welspun ગ્રૂપ દ્વારા કરવામાં આવેલ. હાજર રહેલ દરેક સભ્યોનું શાબ્દિક સ્વાગત સુનિલ પટેલ દ્વારા કરવામાં આવેલ ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન એવા કેશવ કુમાર (Retd.IPS) તથા ડો.સાવન ગોડિયાવાલા નું પુષ્પગુચ્છ અને ભેટ દ્વારા સ્વાગત આશિષ દેસાઇ – નિરમા ગ્રૂપ અને કામેન્દુ જોશી – કામેન્દુ એશોસિયેટસ દ્વારા કરવામાં આવેલ. તેમજ કેશવ કુમાર સાહેબના ધર્મપત્નીનું પણ શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ.

કામેન્દુ જોશી દ્વારા સૌ પ્રથમ આજના મુખ્ય મહેમાન કેશવ કુમાર (Retd.IPS)નો વિગતવાર પરિચય આપેલ અને ત્યાર બાદ કોર્પોરેટ અફેર્સ ગ્રૂપ – ગુજરાત (CAG) વિષે વિગતવાર માહિતી આપવામાં આવેલ. જેમાં જણાવેલ કે આ ગ્રૂપમાં ટોટલ ૧૭૦ કરતાં પણ વધુ સભ્યો કાર્યરત છે અને આ ગ્રૂપના સભ્યો દ્વારા સરકાર તેમજ કોર્પોરેટ ક્ષેત્ર વચ્ચે સેતુરૂપી ભૂમિકા ભજવવામાં આવે છે. છેલ્લા ૧ વર્ષથી ગુજરાત રાજયમાં CAG ગ્રૂપ દ્વારા બધાને ગ્રૂપમાં જોડવાની કાર્યવાહી ચાલી રહેલ હતી અને હવે ભવિષ્યમાં આ ગ્રૂપ એક લીગલ ઓળખ સાથે રજીસ્ટ્રેશન કરાવીને પોતાની એક આગવી ઓળખ ઊભી કરશે તેવું જણાવવામાં આવેલ. સાથે સાથે ગુજરાત રાજ્ય જ્યારે ઔધોગિક હબ બની રહ્યું છે ત્યારે ભવિષ્યમાં રાજયમાં આવનારી નવી નવી ઈન્ડસ્ટ્રીઝને પણ આ ગ્રૂપ દ્વારા પ્રાથમિક અને જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

આ સિવાય ગ્રૂપના કોઈ પણ સભ્યને ગુજરાતમાં કે અન્ય રાજ્યોમાં કોઈ પણ પ્રકારે કામમાં મદદની જરૂર પડે ત્યારે આ ગ્રૂપ દ્વારા મદદ કરવામાં આવશે. સાથે સાથે સરકાર દ્વારા રાજ્ય અને દેશના વિકાસ માટે જે નીતિઓ ઘડવામાં આવે છે તેમાં ગ્રૂપ દ્વારા સકારાત્મક સૂજવો આપવામાં આવશે કે જેથી વધુ સારી રીતે પોલિસી ઘડતર થઈ શકે. આ સિવાય રોજબરોજના કામોમાં પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે પણ આ ગ્રૂપ તરફથી રજૂઆતો કરીને તેનું સમાધાન થાય તેવા કાર્યો હાથ ધરવામાં આવશે.

ત્યાર બાદ આજના આ કાર્યક્રમમાં CAG ગ્રૂપ ના દરેક સભ્યોએ પોતાનો ટૂંકમાં પરિચય આપ્યા બાદ આશિષ દેસાઇ – નિરમા ગ્રૂપ, કામેન્દુ જોશી- સિનિયર કન્સલ્ટન્ટ, આશિષ જોશી- નિરમા ગ્રૂપ, કિરણસિંહ રાઠોડ-MG Motors દ્વારા માર્ગદશન અને પ્રતિભાવો રજૂ કરવામાં આવેલા.

ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન કેશવ કુમાર Retd.IPS દ્વારા ગ્રૂપના સભ્યોને પોતાના રોજિંદા કામકાજમાં ખુબજ જરૂરી એવા વિષય "Effective Communication" પર ખૂબ સુંદર રીતે પ્રેઝેંટેશન આપવામાં આવેલ. કેશવ કુમાર દ્વારા પોતાના વક્તવ્ય દરમિયાન ખુબજ હળવી શૈલીમાં માઇન્ડ રીડિંગ, કામ પ્રત્યેની તત્પરતા, કોમ્યુનિકેશન ગેપ વગેરે જેવા મુદ્દાઓ પર ઓડિયો અને વિડીયો દ્વારા ખુબજ સારી રીતે માર્ગદર્શન પૂરું પાડેલ. કેશવ કુમાર સાહેબ દ્વારા પોતાના ૩૫ વર્ષના (IPS) પોલીસ તરીકેના બહોળા અનુભવોના અને પોતાની સાથે બનેલા પ્રત્યક્ષ કિસ્સાઓ દ્વારા સારા કોમ્યુનિકેશનની કેટલી અગત્યતા છે તે સમજાવેલ. તેમના દ્વારા અલગ અલગ ફિલ્મોની ક્લિપ બતાવીને તેમાંથી સુંદર મેસેજ પણ આપવામાં આવેલ. સાથે સાથે ગ્રુપ મેમ્બર્સને પ્રેક્ટિકલ કરાવીને Listening and Hearing વચ્ચેનો તફાવત ખૂબ સારી રીતે સમજાવવામાં આવેલ. આમ કેશવ કુમાર સાહેબ દ્વારા રોજબરોજમાં ખૂબ અગત્યતા ધરાવતા મુદ્દાઓ પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ,

ત્યાર બાદ આ કાર્યક્રમના બીજા મુખ્ય મહેમાન કે જેઓ AMA ના પ્રેસિડેંટ, CA, અને IIM માં ફેકલ્ટી તરીકે કાર્યરત છે એવા ડો.સાવન ગોડિયાવાલા દ્વારા Environmental, Social, and Governance (ESG) પર ટૂંકમાં પરંતુ ખુબજ અગત્યનું વક્તવ્ય આપવામાં આવેલ, તેમણે જણાવેલ કે આપણી આવનારી પેઢી માટે દરેક વ્યક્તિએ આ મુદ્દાને ધ્યાને રાખીને રહેવું જરૂરી છે. હાલના સમયમાં Environmental બાબતે આપણે ખુબજ કામ કરવાની અને Environment ને બચાવવા માટે આપણાં રોજિંદા જીવનમાં તેને વણી લઈને જીવવું અનિવાર્ય બની ગયું છે.

ત્યાર બાદ આ કાર્યક્રમના સમાપનમાં પરેશ ટાંક – TATA ગ્રૂપ દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ જેમાં કાર્યક્રમમાં પધારેલા મુખ્ય મહેમાનો, અંધજન મંડળના બાળકોની સુંદર પ્રાર્થના માટે તેમજ સમગ્ર કાર્યક્રમમાં જે પણ સભ્યોએ મહેનત કરેલી તેઓનો આભાર માનવામાં આવેલ. ખાસ કરીને CAG ગ્રૂપના આવા કાર્યક્રમોના પ્રણેતા એવા દશરથ પ્રજાપતિ (Ex-RIL&UPL)નો પણ આભાર માનવમાં આવેલ, તેમજ આજના કાર્યક્રમમાં ખૂબ દૂર દૂર થી ઉપસ્થિત રહેલા સભ્યોનો વિશેષ આભાર માનવામાં આવેલ. આ સાથે AMA દ્વારા પૂરી પાડવામાં આવેલ વ્યવસ્થા બદલ તેમનો પણ આભાર માનવામાં આવેલ.

અંતમાં ઉપસ્થિત દરેક સભ્યો દ્વારા રાષ્ટ્રગાન દ્વારા કાર્યક્રમને વિરામ આપવામાં આવેલ. આજના કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સભ્યોએ મહેમાન સાથે નેટવર્કિંગ લંચ કરેલું અને કાર્યક્રમ સમાપન થયેલ.

## સાયખા જીઆઈડીસીની આરતી ડ્રગ્સ કંપનીમાં સીડીનો ટાંકો તૂટી પડતાં કામ કરી રહેલા ચાર કામદારો પટકાયા

સાંજના સુમારે વાગરા તાલુકામાં આવેલ સાયખા જીઆઈડીસીની આરતી ડ્રગ્સ કંપનીમાં અમાઈનાકન્ટ્રોલરૂમની બિલ્ડિંગમાં લોખંડની મોટી સિડી ઉપર વેલ્ડીંગ નું કામ ચાલી રહ્યું હતું. ચાર ઈસમો કામ કરી રહ્યા હતા. તે વેળા સીડી નો ટાંકો તૂટી પડતા કામ કરી રહેલા ચારેય ઈસમો નીચે પટકાયા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. કામદાર નંદ કુમાર ડાબા હાથે કોણીના ભાગે ફેક્ચર થયું હતું. પવનકુમાર રાજયભરના હતી. જમણા હાથના ખભા થી નીચેનો ભાગ ભાંગી ગયો હતો. મોનું કુમાર નામના કામદારને છાતીના ભાગે તેમજ પેટના ભાગે મુંઢ માર વાગ્યો હતો તેમજ વિશાલ કુમાર માથાના ભાગે અને જમણા ગાલ હતી. ઉપર નાની મોટી ઈજાઓ પહોંચી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. ઘટના અંગે વાગરા પોલીસ મથકમાં જાણવા જોગ ફરિયાદ થતાં વધુ તપાસ હાથ ધરવામાં આવી ઉલ્લેખનીય છે કે, સેફટી અને સુરક્ષા વિના કંપનીમાં ચાલતા કાર્યોથી કામદારોના જીવ જોખમાય છે. આવી બે જવાબદાર કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.


FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE

G-8, Ground Floor, Asian Trade Centre,
Asian Paint Chowkdi, GIDC,
Ankleshwar- 393 002, Gujarat (India)

E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510

Authorised Dealer:
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet

• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998

REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

## સચિન જી.આઈ.ડી.સી.માં ખાડીમાં ટેક્રર ખાલી કરતા છ ના મૃત્યુ પ્રકરણનો કેમિકલ માફિયા સંદીપ ગુપ્તા પાનોલી નજીકથી ઝડપાયો

સચિન જી.આઇ.ડી.સી.માં વિશ્વ પ્રેમ મિલ પાસે ખાડીમાં હેઝાર્ડસ્ટ કેમિકલ ઠાલવવાની દુર્ઘટનામાં ૬ ને ભરખી જનાર ઘટનાના આરોપી કુખ્યાત કેમિકલ માફિયા સંદીપ ગુપ્તા ક્રાઇમ બ્રાન્ચનાં હાથે સપડાઇ ગયો હોવાનું જાણવા મળે છે. પાનોલી પાસેથી ગુપ્ત ઓપરેશન હાથ ધરી ક્રાઈમ બ્રાન્ચ તેને ઊંચકી લાવી હતી.

૨૦૨૨ની જાન્યુઆરી મહિનાના પ્રથમ અઠવાડિયે ઘટના બની હતી.ઘ. સચિન જી.આઇ. ડી.સી.માં આવેલી વિશ્વ પ્રેમ મિલ પાસે કેમિકલ માફિયા ગેરકાયદે કેમિકલ ઠાલવી દીધું હતું. ખાડીમાં પહેલેથી જ રહેલા કેમિકલ સાથે આ કેમિકલ મિક્સ થતાં જે રિએક્શન થયું હતું તેને કારણે ઝેરી ગેસ બન્યો હતો. જે આ મિલમાં પ્રસરી જતાં એક પછી એક કારીગર ગૂંગળાવું લાગ્યા હતા. યુવતી સહિત છ કર્મચારીઓ ત્યાં જ તરફડિયા મારીને મોતને ભેટ્યા હતા. ટેક્રર ઠાલવવા આવેલો ડ્રાઈવર સહિત ૨૨ વ્યક્તિઓને સમયસર હોસ્પિટલમાં ખડેસી બચાવી લેવાયા હતા.

આ ઘટનામાં મુંબઈની પ્રતિષ્ઠિત હાઈરેલ કંપની હોદ્દેદારો સહિત સંખ્યાબંધ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. સૌથી મહત્ત્વની વાત એ હતી કે છે ભરખી જનાર આ ઝેરી કેમિકલ મુંબઈથી નીકળી સુરત સુધી આવ્યું કઈ રીતે? સુરતનો કેમિકલ માફિયા અને ભૂતકાળમાં ગુજસીટોક માં પણ ઝડપાઈ ચૂકેલો માથાભારે અને કેમિકલ માફિયા ગણાતો સંદીપ ગુપ્તા અને તેના ભાઈની સંડોવણી બહાર આવી હતી. સંદીપ ગુપ્તા વડોદરા કેમિકલ માફિયા સાથે સંપર્કમાં હતો અને તેણે જ સુરતમાં આ ટેક્રર વારંવાર ખાલી કર્યાનું આરોપીની કબૂલાત માં બહાર આવ્યંત હતું. સંદીપનો ભાઈ તો ઝડપાઈ ગયો હતો, પરંતુ સંદીપ ગુપ્તા છેલ્લા પોણા બે વર્ષથી પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ ઉપરાંત સ્થાનિક પોલીસ તેને પકડવા હાથ ધરાયેલા પ્રયાસો વચ્ચે પાનોલી પાસેથી તેને પકડવામાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી હોવાનું જાણવા મળે છે.

## કૃષિક્ષેત્રને હવામાનશાસ્ત્રીની જરૂર

આપણા કૃષિક્ષેત્રને એક મહાન હવામાનશાસ્ત્રીની જરૂર છે. કિસાનોમાંથી જ કોઈએ હવામાનની શિક્ષા-દીક્ષા લેવી પડશે. અથવા તો હવામાન શિક્ષણ માટે કોઈ અલગ એનજીઓની સ્થાપના કરવી પડશે. આ બહુ જ રસપ્રદ વિષય છે જેના વિના ખેડૂતોની આવનારી પેઢીઓને નહિ ચાલે. ઈન્ડિયન મટીરિયોલોજિકલ ડિપાર્ટમેન્ટ જે આઈએમડી તરીકે ઓળખાય છે એની મુખ્ય વેધશાળા પૂનામાં આવેલી છે. પરંતુ એનું વડું મથક નવી દિલ્હી ખાતે છે. ભારતની હવામાનશાસ્ત્ર અંગેની ૧૮૭૫માં સ્થાપવામાં આવેલી આ સંસ્થા છે. જો કે આ સંસ્થાને પણ ભ્રષ્ટાચારનો લૂણો લાગ્યો હતો, પરંતુ અપરાધીઓને દંડ કર્યા પછી હવે એની આગાહીઓ પદ્ધતિસરની હોય છે. બિયારણ કંપનીઓ પાસેથી કરોડો રૂપિયા ઘરભેગા કરીને આ સરકારી સંસ્થાના હવામાન શાસ્ત્રીઓએ એવી ગપ્પાબાજી ચલાવી હતી કે મહારાષ્ટ્રના ખેડૂતોએ ત્રણ ત્રણ વાર બિયારણ ખરીદીને વારંવાર વાવણી કરવી પડી હતી. કોઈને કલ્પના પણ ન આવે કે દેશની સર્વોચ્ચ હવામાન સંસ્થામાં આ પ્રકારે કૌભાંડ થઈ શકે ઈન્ડિયન મટીરિયોલોજિકલ ડિપાર્ટમેન્ટ તરીકે ઓળખાતી તે વિશ્વની આ ક્ષેત્રની જૂની સંસ્થાઓમાંની એક ગણાય છે. શરૂઆતમાં હવામાન અંગેનું કાર્ય કરતી વેધશાળાઓને પોતાના આધિપત્ય નીચે લઈને તેમના કાર્યનું આ સંસ્થાએ કેન્દ્રીકરણ કર્યું હતું. હવામાન, ભૂકંપશાસ્ત્ર તથા વાતાવરણશાસ્ત્ર સાથે સંલગ્ન વિષયો અંગેની બધી બાબતોમાં તે પ્રમુખ સરકારી સંસ્થા ગણાય છે. હવામાન અંગેનાં અવલોકનો મેળવવા માટે સમગ્ર દેશને પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ આવરી લેતાં ૫૬૧ જમીન પરનાં, ૨૧૭ કૃષિ-હવામાન અંગેનાં, ૬૩ પાયલોટ બલૂનનાં (૨૦ કિમી. સુધી પવનોની સ્થિતિ જાણવા માટેનાં), ૩૫ રેડિયો વિન્ડ(દબાણ તાપમાન, આર્દ્રતા અને પવનો અંગેની સ્થિતિ ૨૦-૩૦ કિમી. ઊંચાઈ સુધી જાણવા માટે), ૪૫ રેડિયેશનનાં અને ૭ ઓઝોન માટેનાં મથકોનું તથા ૬૩ ભૂકંપની નોંધણી માટેની વેધશાળાઓનું સુગ્રથિત ઝૂમખું (નેટવર્ક) રચવામાં આવ્યું છે.જયારે હવામાન ખાતાની કોઈક આગાહી સાચી ન પડે ત્યારે લોકો એની મજાક ઉડાવતા હોય છે, પરંતુ હકીકત એ છે કે બહુ જ વ્યાપક છાનબીન કરનારા અનેક ટેકનોલોજિકલ સાધનો અને વિદ્વત્તાપૂર્ણ પુરુષાર્થ પછી આગાહી જાહેર કરવામાં આવતી હોય છે. એકાએક પવનો દિશા બદલે ત્યારે આગાહી સાચી ન પણ પડે કારણ કે પ્રકૃતિથી ઉપર તો આ સંસ્થાઓ નથી. આઈએમડીના સંખ્યાબંધ એ બધાં મથકો ઉપરથી દિવસમાં ઓછામાં ઓછી બે વખત માહિતી દિલ્હી વડામથકને મળ્યા કરતી હોય છે.છેલ્લા કેટલાક સમયથી આપણા દેશમાં રાષ્ટ્રપ્રેમની વ્યાખ્યા રાજનેતાઓ નક્કી કરતા થઈ ગયા છે. હકીકતમાં દેશના વિદ્યાક્ષેત્રનું એ કામ છે.

## અંકલેશ્વરમાં બે દિવસીય વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શનનો પ્રારંભ થયો





અંકલેશ્વરમાં વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શન તારીખ-૧૬ અને ૧૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ સ્વામી વિવેકાનંદ સ્કૂલ કેમ્પસ દીવા રોડ કેમ્પસ ખાતે કલેક્ટર શ્રી તુષાર સુમરા, ઉદ્યોગપતિ કે શ્રીવત્સ અને ISRO નાં VSSE ઇન્ચાર્જ શ્રી પરેશ સરવૈયા દ્વારા સોમવારે કર્યા હતા.


ISRO નાં ૧૧ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા છે અને વિદ્યાર્થીઓને વિવિધ અંતરીક્ષ પરીક્ષણો અને વિવિધ ટેકનોલોજી અને ISRO નાં કાર્યક્રમો અંગે ની માહીતી આપી રહ્યાં છે અને તેમની સાથે સંવાદ પણ કરી રહ્યાં છે. વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શન (VSSE) અંકલેશ્વરમાં પ્રથમવાર વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શન તારીખ-૧૬ અને ૧૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ સ્વામી વિવેકાનંદ સ્કૂલ કેમ્પસ દીવા રોડ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ૪૪ શાળાઓના ૬૫૦૦ વિદ્યાર્થીઓ આ પ્રદર્શનનો લાભ લેશે. પ્રદર્શનના મુખ્ય આકર્ષણ માં ISRO નાં વૈજ્ઞાનિક સાથે વાર્તાલાપ, અંતરિક્ષ જ્ઞાન વિજ્ઞાન પ્રદર્શન ,અંતરીક્ષ મોબાઈલ વાન અને રોકેટ લોન્ચિંગ પેડ નું નિદર્શન કર્યું છે.

આ પ્રદર્શન નો હેતુ, વિદ્યાર્થીમાં અંતરીક્ષ વિજ્ઞાન અને રુચિ ઊભી કરવી , ભારત દેશે આ ક્ષેત્રે કરેલી પ્રગતિ અંગે માહીતી થી નાગરિકો અને વિદ્યાર્થીઓ ને અવગત કરાવવાનો છે. અંકલેશ્વરની તમામ શાળાઓના ધો. ૮ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમની શાળા થકી જોડાઈ શકશે.

અંકલેશ્વર શહેરમાં ૪૩ વર્ષથી કાર્યરત એવી અંકલેશ્વર એજયુકેશન ટ્રસ્ટ તથા ભરૂચ ડિસ્ટ્રિક્ટ મેનેજમેન્ટ એસોસિએશન અને ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન કચેરીના સંયુક્ત ઉપક્રમે આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેકટર તુષાર સુમેરા એ જણાવ્યું કે અંકલેશ્વરનાં વિધાર્થીઓ માટે એક અનેરી તક છે કે તેઓ અંતરીક્ષ વિજ્ઞાન ને સમજી શકે અને પોતાની કારકિર્દી ઘડી શકે તેમણે આ સુંદર આયોજન માટે સ્વામી વિવેકાનંદ સ્કુલ્સ ને તથા BDMA ને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ કે. શ્રીવત્સ, ભરૂચ સીટીઝન કાઉન્સિલ ના પ્રમૂખ જીવરાજ પટેલ, અંકલેશ્વર એજયુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ ભુપેન્દ્રભાઈ શ્રોફ, મંત્રી ડો.પંચાલ , નગરપાલિકાના માજી શિક્ષણ સમિતિ અધ્યક્ષ કિંજલબેન, ડો. ઐલેશ વૈદ્ય, લતાબેન શ્રોફ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




મહાત્મા ગાંધીજીને જન્મજયંતી
નિમિત્તે શત્ શત્ નમન




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને ગાંધી જયંતિના પૂર્વ દિવસે
સામૂહિક શ્રમદાનથી 'સ્વચ્છતા હી સેવા' અભિયાનના આપેલા આહવાનને
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત સમગ્ર ગુજરાતે ઝીલી લઈને
'એક તારીખ એક કલાક એક સાથ'ના સૂત્રને સ્વચ્છતા અભિયાન દ્વારા સાકાર કર્યું

ગાંધી જયંતી અવસરે તા.૩૧.૧૨.૨૦૨૩ સુધી
ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના વેચાણ પર ૨૦% ખાસ વળતર અપાશે. ખાદી ગ્રામોદ્યોગ સાથે જોડાયેલાં પરિવારોને મળશે સતત રોજગારી

## અંકલેશ્વર એસ્ટેટમાં આડેધડ પાર્કિંગને લઈને પોલીસની લોક મારવાની કાર્યવાહીથી ફરક પડતો જણાઈ રહ્યો છે



અંકલેશ્વર એસ્ટેટ ૨૨હેણાંક વિસ્તારમાં આડેધડ પાર્કિંગને લઈને ટ્રાફિકનો પ્રશ્ન વધી ગયો છે. જેને લઈને પોલીસ દ્વારા ગાડીઓને લોક કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે. જેને લઈને વાહનચાલકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે લોકો હવે સફેદ પટ્ટાની બહાર વાહન પાર્ક કરવાની કાળજી ધરાવતા હોય તેવું લાગી રહ્યું છે.

અંકલેશ્વર એસ્ટેટમાં ટ્રાફિકનો પ્રશ્ન માઝા મૂકી રહ્યો છે. ખાસ કરીને શોપિંગ સેન્ટરોની આસપાસ આડેધડ પાર્કિંગ થઈ રહ્યા હતા.. જેને લઈને રોડ ઉપર પાર્કિંગ થઈ રહ્યા . જે રોડ ઉપર વાહનોને અડચણરૂપ બની જાય છે. જેને લઈને નાનામોટા અકસ્માત થાય છે.

આ સમસ્યાના નિવારણ માટે પોલીસ દ્વારા આડેધડ પાર્કિંગ થયેલ વાહનોને લોક મારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ વાત વાયુવેગે પ્રસરી જતા લોકો તેમના વાહનો વ્યવસ્થિત પાર્ક કરવાનું શરુ કરી દીધું છે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ટ્રાફિક પોલીસને ૪૦૦ જેટલા લોક આપવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આડેધડ પાર્કિંગ થયેલ વાહનોને લોક મારવાની કાર્યવાહીના હકારાત્મક પ્રત્યાઘાત પડી રહ્યા છે.

## સરકારે ફાર્મા-મેડટેક સેક્ટરમાં આર એન્ડ ડીને પ્રોત્સાહન આપવા માટે યોજના શરૂ કરી




કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું કે કે સ્થાનિક ફાર્માસ્યુટિકલ કંપનીઓ બહુરાષ્ટ્રીય કંપનીઓની તુલનામાં સંશોધન અને વિકાસ પર ઓછું રોકાણ કરે છે.જ્યાં સુધી અમે સંશોધન આધારિત નવીન ઉત્પાદનો સાથે નહીં આવીએ ત્યાં સુધી અમે વૈશ્વિક સ્તરે આ ક્ષેત્રનું નેતૃત્વ કરી શકતા નથી, એમ તેમણે જણાવ્યું હતું. નીતિનો ઉદ્દેશ્ય પરંપરાગત દવાઓ, ફાયટો ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ઉપકરણો સહિત ફાર્માસ્યુટિકલ્સમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહિત કરવાનો છે. “આજે એક ઐતિહાસિક દિવસ છે, ફાર્મા અને મેડિકલ ડિવાઈસ સેક્ટરમાં આત્મનિર્ભરતાની યાત્રામાં એક વળાંક છે. આપણે ભારતીય ફાર્મા અને મેડટેક સેક્ટરને ખર્ચ-આધારિતમાંથી મૂલ્ય-આધારિત અને નવીનતા-આધારિત ઉદ્યોગમાં પરિવર્તિત કરવાની જરૂર છે.આ વાત કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ભારતમાં ફાર્મા-મેડટેક સેક્ટરમાં સંશોધન અને વિકાસ અને નવીનતા અંગેની રાષ્ટ્રીય નીતિ અને ફાર્મા મેડટેક સેક્ટરમાં સંશોધન અને નવીનીકરણને પ્રોત્સાહન આપવા માટેની યોજનાના લોન્ચિંગ સમયે કહી હતી. (PRIP).આજે આ કાર્યક્રમમાં નીતિ આયોગના સભ્ય ડૉ. વી.કે. પૉલ, સચિવ (ફાર્મા), રસાયણ અને ખાતર મંત્રાલય એસ અપર્ણા અને ICMRના ડિરેક્ટર જનરલ ડૉ. રાજીવ બહલ પણ હાજર હતા. યોજનાના લાભો પર ભાર મૂકતા ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે આ યોજના ભારતને ફાર્માસ્યુટિકલ્સના વૈશ્વિક બજારમાં ઉચ્ચ વોલ્યુમ, ઉચ્ચ મૂલ્યના ખેલાડીમાં પરિવર્તિત કરવા, ગુણવત્તા, પહોંચ અને પરવડે તેવા લક્ષ્યોને પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ×આ નીતિ શિક્ષણ અને ખાનગી ક્ષેત્રો સહિત કૌશલ્યો અને ક્ષમતાઓની ઈકોસિસ્ટમ બનાવવામાં મદદ કરશે અને સ્ટાર્ટ-અપ્સ દ્વારા યુવાનોમાં નવી પ્રતિભાને પ્રોત્સાહન આપશે,× તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય ફાર્માસ્યુટિકલ અને મેડિકલ-ટેક્નોલોજી સેક્ટરમાં આ એક પરિવર્તનનો તબક્કો છે, જ્યાં વિવિધ સરકારી સંસ્થાઓ અને એજન્સીઓ વચ્ચે સિનર્જી બનાવવામાં આવી રહી છે.

## આરએસપીએલ કુરંગા ખાતેના પ્લાન્ટનું ૧૫૭૯ કરોડ રૂપિયાના ખર્ચે વિસ્તરણ કરશે

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુરંગા ખાતે આવેલ પ્લાન્ટનું મોટાપાયે વિસ્તરણ કરી રહ્યું છે. કંપની અહીં લાઈટ સોડા એશ અને ડેંશ સોડા એશ અને તેને લગતી પ્રોડક્ટના પ્લાન્ટનું વિસ્તરણ કરવા જઈ રહી છે. સાથે સાથે પાવર પ્લાન્ટની પણ ક્ષમતા વધારવા જઈ રહી છે.

આરએસપીએલ ગ્રુપએ ઉત્તર ભારતનું ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (હ્લઝ્રઝ્રય) પ્રતિષ્ઠિત સમૂહ છે. આરએસપીએલએ છેલ્લા ૩૧ થી વધુ વર્ષથી ફેબ્રિક કેર, પર્સનલ કેર અને હોમ કેર પ્રોડક્ટમાં મજબૂત હાજરી ધરાવે છે. લોન્ડરી માર્કેટમાં ઘડી ડિટર્જેન્ટ ( આરએસપીએલબ્રાન્ડ) સાથે અંદાજીત ૨૦% બજાર હિસ્સા સાથે સૌથી મોટી બ્રાન્ડ છે.

આરએસપીએલ લેધર પ્રોડક્ટ અને મિલ્ક પ્રોડક્ટનો બિઝનેસ ધરાવે છે. ડીટર્જન્ટ પાવડર અને ડીટર્જન્ટ કેકનું વેચાણ ×ઘડી” બ્રાન્ડ હેઠળ કરવામાં આવે છે. જ્યારે નહાવાના સાબુ કે જે પ્રીમિયિમ ઉત્પાદન છે, તેનું વેચાણ× વિનસ ”હેઠળ અને વુલન કપડાને પ્રવાહી સાબુને × વુલ × તરીકે વેચવામાં આવે છે. કંપની ×રેડ ચીફ× બ્રાન્ડ હેઠળ લેધર અને લેધરની વસ્તુઓનું ઉત્પાદન પણ કરે છે. નમસ્તે ઈન્ડિયા હેઠળ કંપની બ્રાન્ડેડ ડેરી પ્રોડક્ટ પણ બનાવે છે.

કંપની ડિટર્જન્ટ પાવડર અને ડિટર્જન્ટ કેકની સૌથી મોટી ઉત્પાદક છે. સોડા એશ ડિટર્જન્ટ માટે કાચો માલ છે. સોડા એશ પ્રાચીન કાળથી કાચના ઉત્પાદન, રસાયણો, કાગળ તેમજ અન્ય ઉત્પાદનોમાં તેનો ઉપયોગ નોંધપાત્ર છે. વૈશ્વિક સ્તરે કાચ ઉદ્યોગ સોડા એશના વપરાશમાં ૬૦ ટાકા હિસ્સો ધરાવે છે. વિશ્વમાં કાચની વધતી માંગ સાથે ડેંશ સોડા એશની માંગ વધી રહી છે.

આરએસપીએલએ સોડા એશ પ્લાન્ટ (લાઈમ સોડા એશ ૧૫૦૦ ટન પ્રતિ દિવસ) ની કોલસા લિગ્નાઈટ આધારિત ૫૦ મેગા વોટનો કો જનરેશન પાવર પ્લાન્ટ કાર્યરત છે. કંપની આ પ્લાન્ટની સાથે નવો ડેંશ સોડા અશ પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે.

નવા સ્થાપનાર પ્રોજેક્ટની અંદાજિત કિંમત ૧૫૭૯ કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

## અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલય ખાતે માતૃ વંદનાનો કાર્યક્રમ યોજાઈ ગયો

અંકલેશ્વર એસ્ટેટમાં આવેલી સંસ્કારદીપ વિદ્યાલય ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની ની ઉપસ્થિતિમાં માતૃ વંદનાનો કાર્યક્રમ યોજાઈ ગયો. સ્કૂલના વિદ્યાર્થીઓએ તેમની માતાની પૂજા અર્ચના કરી,આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. . આ વાતાવરણ આનંદમય અને ભાવવિભોર બની ગયું હતું. સંસ્કારદીપ વિદ્યાલય શરૂઆતથી જ વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને શિસ્તના પાઠ ભણાવવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરીને તેની એક અલગ છાપ ઉભી કરી છે.

આ પ્રસંગે સંસ્કારદીપ શાળામાં કૌશિકભાઈ વેકરિયાના હસ્તે તકતી અનાવરણ કરીને રામોલીયા ક્રેએટિવ લર્નિંગ સેન્ટર, પ્રજ્ઞા વૂમન એન્ટરપ્રિનીયોરશીપ ડેવલપમેન્ટ સેન્ટર અને પ્રજ્ઞા કાઉસીલિંગ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી એન . કે. નવાડીયા, એ આઈ એ પ્રમુખ જસુ ચૌધરી, મહેશ પટેલ, ભુપત રામોલીયા, હિતેન આનંદપુરા તેમજ વાલીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

T.R. ASSOCIATES
T. R. ASSOCIATES
Environmental Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/ SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
C-605 A, Ganesh Mardian, S.G. Highway, Ahmedabad

1. Consultancy Service for Environment Clearance, Consent to Establish, Consent to Operate, Product mix NOC & Rule-9.
2. Competent Person Services Form No. 9, 10, 11.
3. Building Stability Certification, Chartered Engg. Certification.
4. Consultancy Service for Fire NOC
5. Safety Audit, On Site, Off Site & Hazop Study.
6. Permission for Borwell from CGWA
7. Consultancy Service for GIDC Work
8. Consultancy Service for Solvent & Explosive License
9. Consultancy Service for Factory act related work
Shailesh Chaudhari +91 957 410 0078
Ansh Consultancy
Legal Consultancy Services
Office Address: SF-51, Omkar-2 Complex, Station Road, Ankleshwar- 393 002, Dist: Bharuch, State: Gujarat INDIA
Email: anshconsultancy17@gmail.com

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633

PS travels
Visa
Forex
Passport
Apostille & Attested
GSTIN: 24AHZPS5467P2ZZ
TAAPI
Mob: +91 98251 26358 E-mail: pstravels1@gmail.com
G-31, Lake View Plaza, Opp. Shalimar Hotel, Beside Interwood,
Near Gorbandh Place, GIDC, Ankleshwar-393 002, Dist: Bharuch (Gujarat)

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of
Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002 | Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002